# સમાજ વિદ્યા (025) - પ્રશ્ન બેંક

**પ્ર-૧. (અ) (અ) ખાલી જગ્યા પૂરો.**

૧. ઇંગ્લેન્ડના ધર્મપ્રેમી લોકોએ ...................... નામના વહાણમાં બેસી અમેરિકા તરફ હિજરત કરી.

૨. 'કાનૂનની ભાવના' પુસ્તકના લેખક ................ હતા.

૩. નવજાગૃતિનું મુખ્ય લક્ષણ ......... હતું.

૪. હિટલરે જેલવાસ દરમિયાન .................... નામનું પુસ્તક લખ્યું.

૫. સોસાયટી ઓફ જિસસના સ્થાપક .................... હતા.

૬. ૭ નવેમ્બર ૧૯૧૭ની રશિયન ક્રાંતિને ................... ક્રાંતિ કહે છે.

૭. ................ ની દરિયાઇ સફરોએ ૧૫મી અને ૧૬મી સદીના અગ્રગણ્ય ભૌગોલિક શોધકો અને સાહસિકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

૮. રશિયન સમ્રાટ .................... ના અત્યાચારો એટલા ભયજનક બન્યા કે અંતિમવાદીઓએ તેની હત્યા કરી.

૯. ઇ.સ.૧૮૫૩માં અમેરિકન સેનાપતિ .................. વેપારી સંબંધ સ્થાપવા જાપાન આવ્યો.

૧૦. નવજાગૃતિમાં મધ્યયુગના વિચારક .................. નો ફાળો અગત્યનો છે.

૧૧. આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્ય મથક નેધરલેન્ડ્ઝના ................. નામે શહેરમાં આવેલું છે.

૧૨. ફ્રાન્સમાં વ્યંગાત્મક લખાણ માટે .................. ખૂબ જાણીતો થયો હતો.

૧૩. ધર્મસુધારક જહોન વિકલિફ ના અવસાન બાદ તેના સમર્થકો ............... નામે ઓળખાયા.

૧૪. ન્યૂટનના પ્રખ્યાત ગ્રંથનું નામ ............... હતું.

૧૫. કાર્લમાર્ક્સ .................. સમાજ નવરચનાનો હિમાયતી હતો.

૧૬. રશિયન ધ્વજનો રંગ ................. રાખવામાં આવ્યો હતો.

૧૭. ઇ.સ.૧૫૪૫માં ..................... ત્રીજાએ ટ્રેન્ટ મુકામે એક ધર્મપરિષદ બોલાવી.

૧૮. સંયુક્ત રાષ્ટ્રોનું મહત્વનું અને મુખ્ય અંગ ................ સમિતિ છે.

૧૯. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન ઇંગ્લેન્ટના વડાપ્રધાન .................. હતા.

૨૦. માઇકલ એન્જેલોની શ્રેષ્ઠ ચિત્રરચના .................. છે.

૨૧. ઇ.સ.૧૮૪૦ માં ................ નામના એક સ્કોટિશ પાદરીએ આફ્રિકાના અનેક પ્રદેશોની શોધ કરી.

૨૨. .................... ને મુક્ત કરવાની આહલેકને ધર્મઘેલી પ્રજાએ વધાવી લીધી.

૨૩. ઇ.સ.૧૯૧૯ થી ૧૯૩૯ સુધીનો સમયગાળો એ ................. નો સમય હતો.

૨૪. .................. ઘાતાંક ગણના સિદ્ધાંતની શોધ કરી.

૨૫. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાના લશ્કરનો સેનાપતિ ............... હતો.

૨૬. કાગળ અને છાપખાનાની શોધ ................. દેશમાં થઇ.

૨૭. રાફેલ ................... નો શ્રેષ્ઠ ચિત્રકાર હતો.

૨૮. ઇ.સ.૧૯૧૯ માં ઇટાલીના ................. શહેરમાં ફાસીસ્ટ પક્ષની સ્થાપના થઇ.

૨૯. ઇ.સ.૧૯૧૯ માં પેરિસમાં વર્સેલ્સના .................. મહેલ ખાતે સંધિ થઇ.

૩૦. સલામતિ સમિતિનું વડુ મથક ................ માં છે.

૩૧. ટાઉન્ડશેન્ડે .................. ની પદ્ધતિ શોધી હતી.

૩૨. ટેલિફોનની શોધ ...................... કરી.

૩૩. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીનો ..................... સરમુખત્યાર બન્યો.

૩૪. બંદૂકના દારૂનો શોધક ..................... હતો.

૩૫. ડિવાઇન કોમેડી પુસ્તકના લેખક ..................... હતા.

૩૬. ............................ સ્વતંત્ર અમેરિકાના પ્રથમ પ્રમુખ બન્યા.

૩૭. ઇટાલીમાં ફાંસીવાદનો પ્રણેતા .................... હતો.

૩૮. માઇકલ એન્જેલોનું .................. શિલ્પ શરીરરચનાની દૃષ્ટિએ અદ્‌ભૂત છે.

૩૯. ફાસીસ્ટ પક્ષનું પ્રતિક ................. હતું.

૪૦. બોલ્શેવિક ક્રાંતિ પછી ...................... ને રશિયાનું પાટનગર બનાવવામાં આવ્યું.

૪૧. ફ્રાન્સનો વિચારક ....................... કેથોલિક દેવળનો પ્રખર વિરોધી હતો.

૪૨. ફ્રાન્સના ........................ નામના વિચારકે 'સ્વતંત્ર ઉત્પાદન અને સ્વતંત્ર વિતરણ'નું સૂત્ર આપ્યું હતું.

૪૩. રશિયામાં ૮ માર્ચ, ૧૯૧૭ની ક્રાંતિને ................ ક્રાંતિ કહે છે.

૪૪. વરાળયંત્રની શોધ ...................... નામના વિજ્ઞાનીએ કરી.

૪૫. દુનિયામાં પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર સૌપ્રથમ .................... હતો.

૪૬. લેનિને લોકજાગૃતિ માટે ................... નામનું સામયિક શરૂ કર્યું હતું.

૪૭. ....................... એ વિશ્વકોશની રચના કરી.

૪૮. મુસોલિનીએ યુગોસ્લાવિયા સાથે કરાર કરી ................ બંદર મેળવ્યું.

૪૯. માર્કોપોલોએ યુરોપના લોકોને .................... નું જ્ઞાન આપ્યું.

૫૦. ફાંસીવાદીઓ ....................... રંગનો ગણવેશ પહેરતા.

૫૧. ....................... કાર્બન ડાયોક્સાઇડનો શોધક હતો.

૫૨. ...................... ની સંધિથી દ્વિતીય વિશ્વયુદ્ધનાં બીજ વવાયાં હતાં.

૫૩. ઇંગ્લેન્ડના અંધ કવિ મિલ્ટને .................. નામનું મહાકાવ્ય લખ્યું હતું.

૫૪. ........................ ઇસુ ખ્રિસ્તની જન્મભૂમિ હતી.

૫૫. હોકાયંત્રની શોધ ........................ દેશમાં થઇ હતી.

૫૬. નવજાગૃતિ એ યુરોપના સમાજની ....................... ક્રાંતિ હતી.

૫૭. લિયોનાર્દો-દ-વિન્ચીએ .................. વિશેની જાહેરાત કરી હતી.

૫૮. અમેરિકાનું બંધારણ ....................... છે.

૫૯. રશિયાએ રશિયન ક્રાંતિ પછી ................... માંથી પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા.

૬૦. મધ્યયુગના પૂર્વાર્ધને ઇતિહાસમાં .................. યુગના નામે ઓળખવામાં આવે છે.

**(બ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડી અને સમયરેખા પર દર્શાવો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ)**

૧. 'અ' — 'બ'

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૩૧ | ૧. હિટલરનું મૃત્યુ. |
| ૨. ઈ.સ. ૧૯૩૬ | ૨. મોસ્કો પરિષદ. |
| ૩. ઈ.સ. ૧૯૪૩ | ૩. જાપાને મંચુરિયા જીતી લીધું. |
| | ૪. ઇટાલીએ ઇથોપિયા જીત્યું. |

૨.

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૪૬ | ૧. ભારત આઝાદ થયું. |
| ૨. ઈ.સ. ૧૯૪૯ | ૨. ઇન્ડોનેશિયા સ્વતંત્ર બન્યું. |
| ૩. ઈ.સ. ૧૯૫૭ | ૩. મલેશિયા સ્વતંત્ર બન્યું. |
| | ૪. ફિલીપાઇન્સ સ્વતંત્ર બન્યું. |

૩.

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૯૩૮ | ૧. અમેરિકાએ હિરોશિમા પર બોંબ ફેંક્યો. |
| ૨. ઈ.સ. ૧૯૪૧ | ૨. મ્યૂનીચ સંધિ. |
| ૩. ઈ.સ. ૧૯૪૫ | ૩. જાપાનનું હિંદી-ચીન પર આક્રમણ. |

૪.

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૭૭૩ | ૧. સ્ટેમ્પ એક્ટ કાયદો રદ્દ કર્યો. |
| ૨. ઈ.સ. ૧૭૮૩ | ૨. બોસ્ટન ટી પાર્ટીનો બનાવ. |
| ૩. ઈ.સ. ૧૭૮૯ | ૩. અમેરિકા-ઈંગ્લેન્ડ વચ્ચે પેરિસ સંધિ. |
| | ૪. બેસ્ટાઇલ કિલ્લાનું પતન. |

૫.

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. ઈ.સ. ૧૭૫૬ | ૧. ખાંડનો કાયદો. |
| ૨. ઈ.સ. ૧૭૬૪ | ૨. સપ્તવાર્ષિક વિગ્રહની શરૂઆત. |
| ૩. ઈ.સ. ૧૭૭૩ | ૩. બોસ્ટન ટી પાર્ટીનો બનાવ. |

**પ્રશ્ન (૧) (બ) ઐતિહાસિક કારણો આપો.**

૧. ઔદ્યોગિક ક્રાંતિએ ગૃહઉદ્યોગોનો નાશ કર્યો.

૨. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ હિરોશીમા અને નાગાસાકી ઉપર અણુબોંબ ઝીંક્યો.

૩. ઠંડાયુદ્ધની સ્થિતિમાં પરિવર્તન આવ્યું.

૪. સંસ્થાનોમાં લોખંડ ગાળવા પર પ્રતિબંધ હતો.

૫. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત સૌ પ્રથમ કાપડ ઉદ્યોગમાં થઇ.

૬. ધર્મયુદ્ધોએ ગેલિલિયોને નાસ્તિક ઠરાવી જેલમાં પૂર્યો.
૭. સામંતશાહીનું પતન થયું.
૮. ઇંગ્લેન્ડની સરકારે બોસ્ટન બંદર બંધ કરાવી દીધું.
૯. વિશ્વમાં બિનજોડાણવાદી જૂથનો ઉદય થયો.
૧૦. ઔદ્યોગિક ક્રાંતિથી સામાજિક જીવન વ્યવસ્થામાં ક્રાંતિકારી પરિણામો આવ્યા.
૧૧. અન્યાયી શાસન વ્યવસ્થા ફ્રાન્સની ક્રાંતિ માટેનું જવાબદાર કારણ હતું.
૧૨. ઇટાલી નવજાગૃતિની માતૃભૂમિ કહેવાય છે.
૧૩. સંસ્થાનવાદીઓએ સ્ટેમ્પ એક્ટનો વિરોધ કર્યો.
૧૪. અમેરિકાએ ચીનને ૨૦ વર્ષ સુધી રાજકીય માન્યતા ન આપી.
૧૫. જહોન હસને જીવતો બાળી મુકવામાં આવ્યો.
૧૬. ફ્રાન્સમાં લોકો માટે નિષ્પક્ષ ન્યાય મેળવવાનું મુશ્કેલ હતું.
૧૭. ફ્રાન્સમાં ખેડૂત કરવેરા ભરવા માટે જીવતો હતો.
૧૮. પોર્ટુગલનો પ્રિન્સ હેનરી ઇતિહાસમાં હેનરી ધ નેવીગેટર તરીકે ઓળખાય છે.
૧૯. નવજાગૃતિના યુગને મધ્યયુગથી જુદો પાડવામાં બુદ્ધિવાદે મહત્વનો ભાગ ભજવ્યો.
૨૦. અમેરિકન ક્રાંતિ વિશ્વના પરાધીન દેશો માટે પ્રેરણારૂપ નીવડી.
૨૧. નવજાગૃતિ દરમિયાન લોકો શહેરો તરફ આકર્ષાયા.
૨૨. ઔદ્યોગિક ક્રાંતિથી કૃષિક્ષેત્રે નવાં પરિવર્તનો આવ્યા.
૨૩. યુરોપ નવી દુનિયાના અને પૂર્વના દેશોના પરિચયમાં આવ્યું.
૨૪. ફ્રેન્ચ ક્રાંતિને અમેરિકન ક્રાંતિથી વેગ મળ્યો.
૨૫. રૂસોને ફ્રાન્સની રાજ્યક્રાંતિના મુખ્ય પ્રણેતા કહી શકાય.
૨૬. પોપે માર્ટિન લ્યુથરને ધર્મમાંથી બહિષ્કૃત કર્યો.
૨૭. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવો થયો.
૨૮. ફ્રાન્સમાં દેવળ રાજ્યની સમાંતર એક કેન્દ્ર બન્યું.
૨૯. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઇંગ્લેન્ડમાં થઇ.
૩૦. કોરિયાના બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા.
૩૧. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી એશિયામાં અને આફ્રિકામાં કેટલાંક રાષ્ટ્રો સ્વતંત્ર બન્યા.
૩૨. રશિયા અને અમેરિકાને મહાસત્તા તરીકે સ્થાન મળ્યું.
૩૩. આધુનિક વિજ્ઞાનનો પાયો નવજાગૃતિકાળ દરમિયાન નંખાયો.
૩૪. જકાતધારાએ સંસ્થાનવાદીઓને લડત માટે તૈયાર કર્યા.

**પ્રશ્ન (૧) (ક) વિધાનો સમજાવો.**

૧. તે વખતે યુરોપ ભૂખ્યું હતું.
૨. હડતાલ કાબૂમાં લો અથવા સત્તાના સૂત્રો સોંપી દો.
૩. પ્રથમ વિશ્વયુદ્ધ એ જગતના ઇતિહાસમાં માનવજાતે ખેલેલું ભયાનક અને મહા વિનાશક યુદ્ધ હતું.
૪. 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં.' સમજાવો.

૫. ફાંસીવાદી વિચારસરણી લોકશાહી સિદ્ધાંતોથી વિરુદ્ધ હતી.
૬. પશ્ચિમ એશિયાના દેશોનું ઐતિહાસિક મહત્વ વધ્યું છે.
૭. સામ્રાજ્યવાદ દેશોની સંસ્કૃતિનો વિકાસ અટકાવે છે.
૮. ઔદ્યોગિક ક્રાંતિ એ એક યુગ પ્રવર્તક ઘટના છે.
૯. વિશ્વયુદ્ધો સામ્રાજ્યવાદની પેદાશ છે.
૧૦. ભૌગોલિક શોધખોળોનો યુગ સિદ્ધિઓનો યુગ હતો.
૧૧. મત્સ્ય ન્યાય પ્રકૃતિનો નિયમ છે.
૧૨. જાપાને લશ્કરવાદ અપનાવ્યો.
૧૩. જ્યાં જ્યાં જર્મન ત્યાં ત્યાં જર્મની.
૧૪. ''એક પક્ષ, એક પ્રજા, એક નેતા'' એ નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.
૧૫. જર્મની આખી દુનિયાનું આગેવાન છે.
૧૬. નિકોલસ કોપરનીકસે ટોલેમીની માન્યતાનું ખંડન કર્યું.
૧૭. જરૂરિયાતો એ શોધખોળની જનની બની.
૧૮. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગવિગ્રહને જન્મ આપ્યો.
૧૯. ઉગ્ર રાષ્ટ્રવાદ સંકુચિતતાની ભાવના જન્માવે છે.
૨૦. ક્રાંતિ એટલે આમૂલ પરિવર્તન.
૨૧. ખ્રિસ્તી ધર્મ યુરોપીય ધર્મ મટી વિશ્વધર્મ બન્યો.

**પ્રશ્ન (૧)** **(ડ) ટૂંક નોંધ લખો.**

૧. પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામો.
૨. ફાંસીવાદના ઉદયના પરિબળો.
૩. લશ્કરી જૂથોની સ્થાપના.
૪. જર્મનીમાં નાઝીવાદના ઉદય માટે જવાબદાર પરિબળો.
૫. ભૌગોલિક શોધખોળના પરિણામો.
૬. રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલ પરિવર્તનો.
૭. ફર્ડિનાન્ડ મેગેલન.
૮. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ.
૯. બીજા વિશ્વયુદ્ધનાં પરિબળો.
૧૦. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.
૧૧. રશિયન ક્રાંતિ પર કાર્લ માર્ક્સના વિચારોની અસર.
૧૨. સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.)ની સ્થાપના – મુખ્ય હેતુઓ.
૧૩. ઔદ્યોગિક ક્રાંતિની આર્થિક અસરો.
૧૪. સોવિયેટ સંઘનું વિઘટન.
૧૫. બોસ્ટન ટી પાર્ટી.

૧૬. અમેરિકન ક્રાંતિની વિશ્વવ્યાપી અસરો.

૧૭. સામ્રાજ્યવાદના ઉદ્‌ગમનાં કારણો.

૧૮. ફ્રેન્ચ ક્રાંતિમાં વિચારકોનું પ્રદાન.

૧૯. નાઝી પક્ષની મુખ્ય વિશેષતાઓ.

૨૦. આંતરરાષ્ટ્રીય અદાલત.

૨૧. વસંત ક્રાંતિ.

૨૨. વાસ્કો દ ગામા.

૨૩. વૈજ્ઞાનિક તરીકે ગેલિલિયોની સિદ્ધિઓ.

૨૪. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ.

૨૫. ફાસીવાદની આંતરિક સિદ્ધિઓ.

૨૬. રશિયન ક્રાંતિમાં લેનિનનું પ્રદાન.

૨૭. અમેરિકાના સ્વાતંત્ર્ય વિગ્રહના પરિણામો.

૨૮. સર આઇઝેક ન્યૂટન.

૨૯. ફ્રેન્ચ ક્રાંતિની વિશ્વવ્યાપી અસરો.

**પ્ર-૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

૧. સપ્તવાર્ષિક વિગ્રહ કોની કોની વચ્ચે થયો અને તેનું શું પરિણામ આવ્યું ?

૨. એટલેન્ટિક ખતપત્ર શું છે ?

૩. સામંતશાહી સમાજમાં કેટલા વર્ગો હતા ? કયા કયા ?

૪. અમેરિકન સંસ્થાનોના સ્વાતંત્ર્યનું જાહેરનામું કોણે તૈયાર કર્યું હતું ?

૫. અફીણ વિગ્રહો કોની કોની વચ્ચે થયા ? એનું શું પરિણામ આવ્યું ?

૬. જાપાનમાં કયા વડાપ્રધાને વિસ્તારવાદી યોજના તૈયાર કરી ?

૭. નાઝીવાદનો કોઇ એક સિદ્ધાંત લખો.

૮. ફ્રેન્ચ ક્રાંતિનો પ્રમુખ નેતા કોણ હતો ?

૯. રોમન સામ્રાજ્ય પર કઇ જાતિઓએ આક્રમણ કર્યું ?

૧૦. લેનિને લોકજાગૃતિ માટે કયું સામયિક શરૂ કર્યું ?

૧૧. પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?

૧૨. સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

૧૩. હિટલરે જેલવાસ દરમિયાન કયું પુસ્તક લખ્યું ?

૧૪. લિયોનાર્દો-દ-વિન્ચીની જગવિખ્યાત ચિત્રકૃતિઓ કઇ કઇ છે ?

૧૫. ભારતમાં પ્રથમ સામ્રાજ્યવાદનો પાયો કોણે નાખ્યો ?

૧૬. નાઝી પક્ષે કયો આદર્શ અપનાવ્યો હતો ?

૧૭. ૧૬મી સદીમાં કયા દેશોમાં જોડણી કોશ તૈયાર થયા ? શાથી ?

૧૮. ઇ.સ. ૧૮૦૦ અને ૧૮૭૦ માં યુરોપની વસતી કેટલી હતી ?

૧૯. સામંશાહીનું જમા પાસું શું હતું ?

૨૦. નવજાગૃતિના મુખ્ય લક્ષણો જણાવો.

૨૧. લૂઇ – ૧૪ ના સમયમાં ફ્રાન્સની શાસન વ્યવસ્થા કેવી હતી ?

૨૨. લેનિને બોલ્શેવિક ક્રાંતિમાં કયું સૂત્ર આપ્યું ?

૨૩. સંયુક્ત રાષ્ટ્રોની વાલી સમિતિમાં કુલ કેટલા સભ્યો હોય છે ?

૨૪. વસંતક્રાંતિ ક્યારે થઇ ?

૨૫. હિટલર અને મુસોલીનીનો અંત કઇ રીતે આવ્યો ?

૨૬. ફ્રાન્સમાં ક્રાંતિ પછી કોણે સરમુખત્યારશાહી સ્થાપી ? કેમ ?

૨૭. કઇ શોધથી યુરોપમાં નવા વિચારો અને જ્ઞાનનો ફેલાવો ઝડપી બન્યો ?

૨૮. ભારતના ઇ.સ. ૧૮૫૭ ના વિપ્લવના સૂત્રધારોની હાર કેમ થઇ ?

૨૯. સપ્તવાર્ષિક યુદ્ધ એટલે શું ? તે કોની કોની વચ્ચે થયા હતા ?

૩૦. ફાંસીવાદીઓ કયા નામે ઓળખાતા હતા ? શા માટે ?

૩૧. બોલ્શેવિક અને મોન્શેવિક એટલે શું ?

૩૨. સંયુક્ત રાષ્ટ્રો શાનું પ્રતિક છે ?

૩૩. ‘ધ પ્રેઇઝ ઓફ હોલી’ નામનું પુસ્તક કોણે લખ્યું ? શા માટે ?

૩૪. ભારતમાં સામ્રાજ્યવાદ સ્થાપવામાં કયો દેશ સફળ થયો ?

૩૫. રશિયાના રાષ્ટ્રધ્વજમાં કયા પ્રતિકો અંકિત કરવામાં આવ્યાં ? શાથી ?

૩૬. ફ્રેન્ચ ક્રાંતિએ જગતને કયા સિદ્ધાંતો આપ્યા ?

૩૭. રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે અને શા માટે કરવામાં આવી ?

૩૮. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહનું તાત્કાલિક કારણ કયું હતું ?

૩૯. નવજાગૃતિના મુખ્ય લક્ષણો કયા હતા ?

૪૦. ઇ.સ. ૧૮૫૭ ના વિપ્લવના મુખ્ય નેતાઓ કોણ કોણ હતા ?

૪૧. ઝાર નિકોલસ બીજાએ કયું સૂત્ર અપનાવ્યું હતું ?

૪૨. શેક્સપિયરની જગપ્રસિદ્ધ નાટ્યકૃતિઓ કઇ કઇ હતી ?

૪૩. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહનું મુખ્ય સૂત્ર કયું હતું ?

૪૪. લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

૪૫. ફાસીસ્ટ પક્ષની સ્થાપના કોણે, ક્યાં અને ક્યારે કરી હતી ?

૪૬. વિટો એટલે શું ?

૪૭. સ્વતંત્ર અમેરિકાના પ્રથમ પ્રમુખ તરીકે કોણ ચૂંટાયા ?

૪૮. સલામતિ સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૪૯. ફાસીસ્ટ પક્ષનું પ્રતીક કયું હતું ?

૫૦. કોપરનિકસે કઇ શોધ કરી ?

૫૧. દ્વિતીય વિશ્વયુદ્ધના બી કઇ સંધિમાં વવાયેલા જોવા મળે છે ?

૫૨. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહના સરસેનાપતિ કોણ હતા ?

૫૩. કઇ ઝુંબેશને ધર્મસુધારણા કહે છે ?

૫૪. બીજા વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?

૫૫. વિશ્વ ઇતિહાસમાં કયો સમયગાળો 'અશાંત શાંતિ'નો ગણાય છે ?

૫૬. મુસોલીનીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૫૭. જેસ્યુઇટ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

૫૮. ફ્રાન્સમાં બેસ્ટાઇલનો કિલ્લો શાના પ્રતિક સમાન હતો ?

૫૯. રશિયન ક્રાંતિને કયા નામે ઓળખવામાં આવે છે ?

૬૦. આર્થિક અને સામાજિક સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૬૧. કયા કયા સભ્યો સલામતિ સમિતિના કાયમી સભ્યો છે ?

૬૨. રશિયામાં કયો દિવસ લોહિયાળ રવિવાર તરીકે જાણીતો છે ?

૬૩. ક્રાંતિ પહેલાં રશિયામાં મુખ્ય કયા કયા વર્ગો હતા ?

૬૪. 'કોમિન્ટર્ન' એટલે શું ? તેનું મુખ્ય ધ્યેય શું છે ?

૬૫. ફ્રેજને કયું સૂત્ર આપ્યું ?

૬૬. ફ્રાન્સમાં આમ પ્રજાનો નેતા કોણ હતો ?

૬૭. કાર્લમાર્ક્સ કેવી સમાજરચનાના હિમાયતી હતા ?

૬૮. બોઅર વિગ્રહ કોની કોની વચ્ચે થયો ?

૬૯. સોસાયટી ઓફ જિસસની સ્થાપના કોણે અને કયા હેતુથી કરી ?

૭૦. ઝાર નિકોલસ બીજાએ કયું શાસનસૂત્ર અપનાવ્યું હતું ?

૭૧. નાઝી પક્ષના અંગરક્ષક સભ્યો કેવો પોશાક પહેરતા હતા ?

૭૨. સામ્રાજ્યવાદના ઉદ્ભવનું સૌથી મહત્વનું પરિબળ કયું છે ?

૭૩. મોન્તેસ્ક કોણ હતા ?

૭૪. પ્રથમ વિશ્વયુદ્ધનું પ્રથમ કારણ કયું ગણી શકાય ?

૭૫. રશિયન ક્રાંતિએ જગતને કયો સિદ્ધાંત આપ્યો ?

૭૬. સચિવાલયના મહામંત્રીની નિમણૂંક કોણ કરે છે ?

૭૭. હિટલર જર્મની અને જર્મન પ્રજા વિશે શું માનતો હતો ?

૭૮. માર્ટિન લ્યુથર કોણ હતો ? તેણે પોપની સત્તાનો વિરોધ શા માટે કર્યો ?

૭૯. પિલ્ગ્રીમ્સ ફાધર તરીકે ઓળખાતા ધર્મપ્રેમીવીરોએ ઇંગ્લેન્ડ શા માટે છોડ્યું ?

૮૦. હિટલરના પતનનું કારણ શું હતું ?

૮૧. કોપરનિકસે કઇ શોધ કરી હતી ?

શબ્દોની સંકલ્પના સમજાવો.

૧. પ્રતિધર્મ સુધારણા. ૨. ઠંડુ યુદ્ધ. ૩. વીટો. ૪. નાટો. ૫. નવજાગૃતિ. ૬. જેસ્યુઇટ. ૭. સન્ટો. ૮.માનવતાવાદ. ૯. પાપ વિમોચન પત્રિકા. ૧૦. ઔદ્યોગિક ક્રાંતિ. ૧૧. બૌદ્ધિક ક્રાંતિ. ૧૨. સામંતશાહી. ૧૩. સીઆટો. ૧૪. ધર્મસુધારણા. ૧૫. ધર્મયુદ્ધો. ૧૬. અંધકારયુગ. ૧૭. લોલાડર્સ. ૧૮. રંગભેદ નીતિ. ૧૯. ઉગ્ર રાષ્ટ્રવાદ. ૨૦. રાષ્ટ્રીય કલંક. ૨૧. નિઃશસ્ત્રીકરણ. ૨૨. ભૌતિકવાદ. ૨૩. બીન જોડાણનીતિ. ૨૪. સંસ્થાનવાદ.

**પ્રશ્ન (૨)** **(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો.**

૧. ચીને અફીણના વેપાર પર અંકુશ મૂક્યો. શાથી ?
૨. અમેરિકન ક્રાંતિના મુખ્ય બનાવો વર્ણવો.
૩. નાઝીવાદની આંતરિક સિદ્ધિઓ વર્ણવો.
૪. અમેરિકન ક્રાંતિની અસરો જણાવો.
૫. પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત ક્યારે અને કેવી રીતે થઇ ?
૬. બોસ્ટન ટી પાર્ટીનો બનાવ જણાવો.
૭. રશિયન ઇતિહાસમાં કયો હત્યાકાંડ ''લોહિયાળ રવિવાર'' તરીકે ઓળખાય છે ?
૮. ફાંસીવાદની આંતરિક સિદ્ધિઓ જણાવો.
૯. અમેરિકન સ્વાતંત્ર્ય વિગ્રહના મૂળ શી રીતે નંખાયા ?
૧૦. ભારતમાં સામ્રાજ્યવાદનો ફેલાવો કઇ રીતે ઝડપી હતો ?
૧૧. ફ્રેન્ચ ક્રાંતિની વિશ્વ પર થયેલી અસરો નોંધો.
૧૨. રશિયન ક્રાંતિમાં લેનિનનું પ્રદાન વર્ણવો.
૧૩. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાના કારણો ચર્ચો.
૧૪. બેસ્ટાઇલના કિલ્લાનું પતન શાથી થયું ?
૧૫. ઝાર શાસન સમયની રશિયાની આર્થિક સ્થિતિ વિશે સમજ આપો.
૧૬. એશિયા–આફ્રિકામાં ઉદ્ભવેલા રાષ્ટ્રવાદ વિશે માહિતી આપો.
૧૭. ઇ.સ. ૧૯૦૫ની વસંત ક્રાંતિની ટૂંકમાં ચર્ચા કરો.
૧૮. અમેરિકન ક્રાંતિમાં ક્યા પરિણામો આવ્યાં ?
૧૯. અમેરિકાના સ્વતંત્રતાના જાહેરનામામાં કઇ બાબતો જણાવવામાં આવી છે ?
૨૦. ઇ.સ. ૧૯૦૫ માં જાપાન સામે રશિયાનો કયા કારણોસર પરાજય થયો ?
૨૧. માનવહક્કોના જાહેરનામામાં કઇ કઇ બાબતોની સ્પષ્ટતા કરવામાં આવી હતી ?
૨૨. ઇટાલીએ કઇ સામ્રાજ્યવાદ નીતિ અમલમાં મૂકી હતી ?
૨૩. સામ્રાજ્યવાદના ઉદ્ભવનાં પરિબળો જણાવો.
૨૪. રાષ્ટ્રસંઘની મુખ્ય સિદ્ધિઓ જણાવો.
૨૫. બોઅર વિગ્રહ કોની કોની વચ્ચે થયાં ? તેનું શું પરિણામ આવ્યું ?
૨૬. રશિયન ક્રાંતિથી રશિયામાં થયેલા પરિવર્તનો જણાવો.

**પ્રશ્ન (૨) (ક) નીચેના વિધાનોના કારણ આપો.**

૧. યુનિસેફ બાળકો માટે દૂધનો પાવડર આપે છે.

૨. આજે વધુ વૃક્ષ વાવોની ઝુંબેશ ચાલે છે.

૩. હિમાલયના શિખરો વિશ્વના સૌથી મોટા ઉકરડા સમાન બની ગયા છે.

૪. દહેરાદૂન શહેરમાં આજે પંખાની જરૂરિયાત જણાય છે.

૫. શસ્ત્ર ઉત્પાદન પ્રથમ ભૂખ તરફ અને પછી સંહાર તરફ લઇ જાય છે.

૬. ભારત અને નેપાલ વચ્ચેના સંબંધો અવિશ્વાસ ભર્યા બન્યા.

૭. ભારતે શ્રીલંકામાં લશ્કર મોકલ્યું.

૮. આપણા દેશમાં પ્રાણીઓ અને પક્ષીઓ માટે અભ્યારણ્ય રચવામાં આવ્યાં.

૯. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો.

૧૦. ભારતે સામ્રાજ્યવાદનો વિરોધ કર્યો.

૧૧. પ્રવાસન સ્થળોએ પ્રદૂષણમાં વધારો થાય છે.

૧૨. વિશ્વમાં શાસિત વર્ગ પોતાના હક્કો ભોગવી શકતો નથી.

૧૩. સલામતી સમિતિના કાયમી સભ્યોને નિષેધાત્મક મત આપવાનો અધિકાર છે.

૧૪. ભારતે બૃહદ એશિયાવાદનો સિધ્ધાંત સ્વીકાર્યો.

૧૫. નાગરિકે વાહન વ્યવહારની સારી ટેવો વિકસાવવી જોઇએ.

૧૬. પંચશીલના સિદ્ધાન્તોને વિશ્વમાં ગૌરવયુક્ત સ્થાન મળ્યું છે.

૧૭. ભૂતાન ભારતનું મિત્ર રહ્યું છે.

૧૮. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિની ખોજ કરી.

**પ્રશ્ન (૨) (ડ) ટૂંક નોંધ લખો.**

૧. નિઃશસ્ત્રીકરણ.

૨. ગ્રીન હાઉસ ઈફેક્ટ અટકાવવાના ઉપાયો.

૩. યુનિસેફની પ્રવૃત્તિમાં ભારતનો ફાળો.

૪. પંચશીલના સિદ્ધાંતો.

૫. પર્યાવરણની જાળવણીમાં નાગરિક ધર્મ.

૬. યુનેસ્કો.

૭. પ્રદૂષણ સર્જતા પરિબળો.

૮. શહેરીકરણની મુખ્ય સમસ્યાઓ.

૯. પ્રદૂષણ અટકાવવાના ઉપાયો.

૧૦. યુનિસેફ.

૧૧. સામાજિક વનીકરણ.

૧૨. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ.